→ તા ૧૧-૪-૯૮ ~~ના ઠરાવ~~થી શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓની વિધવાઓ (બીનસરકારી શાળાઓના કર્મચારીઓની વિધવા) કુટુંબ પેન્શન યોજના નો લાભ આપવા ઠરાવવામાં આવ્યુ છે. તા: 23-નવે-૧૯૮૯ ના ઠરાવથી.

→ તફાવતનો લાભ ૧-૪-૯૮ થી અથવા વિકલ્પ સ્વીકાર્યો હોય ત્યારથી જેમાં જે મોડુ હોય ત્યારથી...

બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓની પેન્શન યોજના.

તા.૧-૪-૬૯થી તા.૩૧-૫-૭૧સુધીમાં અને તા.૧-૬-૭૧ કે ત્યારબાદ નિવૃત થયેલ/મૃત્યુ પામેલા અથવા કુટુંબ પેન્શન યોજના,૧૯૭૨હેઠળ આવરી ન લેવાયા હોય એવા બિન સરકારી, માધ્યમિક શાળાના કર્મચારીઓના કુટુંબોને કુટુંબ પેન્શન આપવા..

ગુજરાત હાઈકોર્ટના ચુકાદાનો અમલ.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૮૯/૧૪૮૨/છ,
સચિવાલય,ગાંધીનગર
તારીખ.૨૩,નવે.૧૯૮૯.

વંચાણે લીધા ::-

૧: શિક્ષણ અને મજુર વિભાગનો તા.૨૧-૧૨-૭૧નો ઠરાવક્રમાંક:એસએસએન/૩૪૭૦/૪૧૮૪૫/ગ.

૨: શિક્ષણ વિભાગનો તા.૭-૭-૭૨નો ઠ.ક્ર:એસએસએન/૧૦૭૨/૨૨૮૯૯/ગ.

૩: શિક્ષણ વિભાગનો તા.૧૩-૪-૮૩નો ઠ.ક્ર: બમશ/૧૧૮૧/૨૫૭૭૩/૮૩/ગ.

૪: નાણા વિભાગનો તા.૧૯-૫-૭૯નો ઠ.ક્ર:એનવીટી/૧૧૮૯/૪૩૩/પી.૧

૫: શિક્ષણ વિભાગનો તા.૨૩-૫-૮૯નો ઠ.ક્ર.બમશ/૧૧૮૭/૧૪૮/છ.

'' ઠરાવ ''

રાજ્યની બિન સરકારી માધ્યમિક શાળાઓના શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓને તા.૧-૪-૬૯ થી અમલમાં આવે તે રીતે પેન્શન યોજના શિક્ષણ વિભાગના તા.૨૧-૧૨-૭૧ના ઠરાવથી દાખલ કરી હતી.તે જ પ્રમાણે બિનસરકારી માધ્યમિક શાળાના શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓ માટે કુટુંબ પેન્શન યોજના તારીખ ૧-૬-૭૧ થી અમલી બને તે રીતે વિભાગના તા.૭-૭-૭૨ના ઠરાવ ક્રમાંક:એસએસએન/૧૦૭૨/૨૨૮૯૯/ગ થી દાખલ કરી હતી. શિક્ષણ વિભાગના તા.૨૩-૫-૮૯ના ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૮૭/૧૮૮/છ થી બિનસરકારી માધ્યમિક શાળાના શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓની વિધવાઓને ઉચ્ચક આર્થિક સહાય આપવાના હુકમો કરેલ છે.

૨/- નાંણા વિભાગે તા.૧૯-૫-૮૯ના ઠરાવ ક્રમાંક:એનવીટી/૧૧૮૯/૪૩૩/પ.૧ થી તા.૧-૬-૧૯૭૧ પહેલાં નિવૃત્ત થયેલ/મૃત્યુ પામેલ અથવા અન્યથા કુટુંબ પેન્શન યોજના ૧૯૭૨ હેઠળ આવરી ન લેવાયા હોય એવા સરકારી કર્મચારીઓના કુટુંબોને કુટુંબ પેન્શન આપવા બાબતે ગુજરાત હાઈકોર્ટમાં ચુકાદાના અમલ કરવા અંગે હુકમો કરેલ છે.આ ઠરાવથી કરેલા હુકમોનો લાભ બિન સરકારી માધ્યમિક શાળાના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓના કેસોમાં આપવાનો સરકારશ્રીની વિચારણા હેઠળ હતો. મુખ્ય વિચારણાના અંતે નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: એનવીટી/૧૧૮૯/૪૩૩/પ.૧, તારીખ ૧૯-૫-૮૯ તા.૧-૬-૭૧ પહેલાં નિવૃત થયેલ/મૃત્યુ પામેલ અથવા અન્યથા કુટુંબ પેન્શન યોજના-૧૯૭૨ હેઠળ આવરી ન લેવાયા હોય એવા સરકારી કર્મચારીઓના કુટુંબોને કુટુંબ પેન્શન આપવા અંગેનો લાભ શિક્ષણ અને મજુર વિભાગના તા.૭-૭-૭૨ના ઠરાવ ક્રમાંક:એસએસએન/૧૦૭૨/૨૨૮૯૯/ગ હેઠળ મંજુર કરેલ પેન્શનની યોજના અનુસંધાને બિન-સરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને પણ આપવા નીચેની શરતોને આધિન આથી સરકાર ઠરાવે છે.

જે બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓએ શિક્ષણ અને મજૂર વિભાગના તા.૨૧-૧૨-૭૧ના ઠરાવ ક્રમાંક:એસએસએન/૩૪૭૦/૪૧૮૪૫/ગ અને તે ઠરાવ અન્વયે કરવામાં આવેલ વખતોવખત સુધારા હેઠળ પેન્શન ગ્રેજ્યુઈટી વિગેરેના લાભ માટેના વિકલ્પ આપેલ હોય તેમને જ નાણા વિભાગના તા.૧૯-૫-૮૯ના ઠરાવ ક્રમાંક: એનવીટી/૧૧૮૯/૪૩૩/૫.૧ ની જોગવાઈનો લાભ મળવાપાત્ર થશે.

૨: શિક્ષણ વિભાગના તા.૨૧-૧૨-૭૧ના ઠરાવ ક્રમાંક:એસએસએન/૩૪૭૦/૪૧૮૪૫/ગ મુજબ પેન્શન યોજનાનો વિકલ્પ તા.૧-૪-૬૯ થી અમલમાં આવે તે રીતે આપવાના હુકમો થયેલ છે.આથી તા.૧-૪-૬૯ પહેલાના નિવૃત્ત કર્મચારીઓ પેન્શન યોજના હેઠળ આવરી લેવાયેલ ન હોય, તેઓ આ ઠરાવ હેઠળ મળવાપાત્ર લાભને પાત્ર થતા નથી.

૩: વિધવા સહાયનો લાભ તા.૧-૪-૬૯ પછી નિવૃત્ત/મૃત્યુ પામનારને આપવામાં આવ્યો છે.આથી તા.૧-૪-૬૯થી તા.૩૧-૫-૭૧સુધીમાં નિવૃત્ત થયેલા અને તા.૧-૬-૭૧ કે ત્યારબાદ નિવૃત્ત થયેલા પેન્શન યોજના હેઠળના કર્મચારીઓના કુટુંબોને જ આ ઠરાવ હેઠળનો લાભ મળવાપાત્ર થશે.

૪: સ્પે.સી.એ.નં.૫૯૦૯/૮૮ ના વ્યકિતગત પીટીશન ઉપરના ચુકાદા સામે સરકારશ્રી એ હાઈકોર્ટમાં તા. ૫-૭-૮૯ ના રોજ લેટર્સ પેટન્ટ અપીલ દાખલ કરેલ છે.આમ છતાં ઉકતે લેટર્સ પેટન્ટ અપીલનો ચુકાદો આવે ત્યાં સુધી સરકારે વખતોવખત સુધારવામાં આવે તે મુજબ નવી કુટુંબ પેન્શન યોજના,૧૯૭૨નો લાભ આ ચુકાદા અનુસાર ભવિષ્યમાં તમામ અરજદારોએ અરજદારોના જેવીજ પરિસ્થિતિમાં મુકાયેલી વિધવાઓ અને આશ્રિતો તથા અન્ય પાત્ર વ્યકિતઓને મળવાપાત્ર થશે.

૫: પાત્ર વ્યકિતઓ ને કુટુંબ પેન્શન ૧લીએપ્રિલ-૧૯૮૯થી અને તે પછી ચુકવવામાં આવશે.

૬: વખતોવખત સુધારવામાં આવતા કુટુંબ પેન્શનના દરનો લાભ પાત્ર વ્યકિતઓને પણ આપવામાં આવશે.

૭: ઉપર જણાવેલ કુટુંબ પેન્શન મેળવતી વ્યકિત, કુટુંબ પેન્શનની રકમમાં વખતોવખત મંજુર કરવામાં આવતો હંગામી વધારો મેળવવા હકદાર બનશે.

૮: તબીબી-ખર્ચની ભરપાઈઓ/તબીબી ભથ્થાનો લાભ તા.૧-૪-૮૯ અથવા વિકલ્પ સ્વિકાર્યો હોય તે તારીખ, એ બે માંથી જે મોડી હોય તે તારીખથી મળવાપાત્ર થશે.

૯: એપ્રિલ-૧૯૮૯ ના મહિના માટે અને ત્યારપછી ચુકવવાના થતા કુટુંબ પેન્શનની રકમ તા.૨૩-૫-૧૯૮૯ના ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૮૭/૧૮૮/છ અને તેમાં વખતોવખત કરાયેલા સુધારા મુજબ વિધવા-સહાયની કોઈ રકમ ચુકવવામાં આવી હોય તો તેની કપાત કર્યા પછી ચુકવવાની રહેશે. આ હુકમો હેઠળ જેમને હવે કુટુંબ પેન્શન મંજુર કરવામાં આવ્યું હોય તે બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓની વિધવાઓ તા.૧-૪-૧૯૮૯થી નાણાકીય સહાય માટે હકદાર રહેશે નહિ.

૧૦: આ હુકમો હેઠળ કુટુંબ પેન્શન માટે અરજી કરનાર અરજદારોએ બે મહિનાનો પગાર ફાળા પેટે આપવાનો રહેશે. નહીં. એ જ રીતે સબંધિત બિન સરકારી માધ્યમિક શાળાના કર્મચારીએ ભરી દીધેલ ફાળાની રકમ રિફંડ મેળવવા માટેની કોઈ માંગણી સરકાર વિચારણામાં લેશે નહિં.

૧૧: જે વ્યકિતગત કેસમાં અપીલ કરવામાં આવી છે તેમાં તા.૧-૧૦-૭૭અને તે ... લેણી થતી કુટુંબ પેન્શનની એરીયર્સની રકમ જો ચુકવવાની થાય તો અપીલ નામદાર હાઈકોર્ટ તરફની અપાનારા આદેશોને આધીન રહેશે.

૧૨: જે તે ખાતા/કચેરીના વડા અથવા કુટુંબ પેન્શન મંજુર કરવાની સત્તા ધરાવતા અન્ય અધિકારીઓએ તા.૧-૪-૮૯થી આ સરકારી ઠરાવ પ્રમાણે(હંગામી વધારો સહિત) કુટુંબ પેન્શનનો ગણતરી કરવી.

: નાણા વિભાગના તા.૧૯-૫-૮૯ના ઠરાવ ક્રમાંક:પેનવીટી/૧૧૮૯/૪૩૩/પ.૧ ની સામાન્ય શરતો એમજ તેમાં વખતોવખત થતા સુધારા સહિત આ ઠરાવને પણ લાગુ પડશે.

: સીપીએફ. હેઠળના કર્મચારીઓના કુટુંબોને આ લાભ મળવાપાત્ર થશે નહીં.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧૬-૧૧-૮૯ની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બા.છ.યાદવ)
ઉપસચિવ,
શિક્ષણવિભાગ,

નં.પેન્શન/૨૯૯૪
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
વઢવાણનો ઉતારો, રાજકોટ,
તારીખ:- 5 / 1 / 90.

નકલ જાણ તથા અમલાર્થે::-

જિલ્લાની તમામ બિન સરકારી માધ્યમિક શાળાઓ તરફ.

પરીપત્રમાં દર્શાવેલ વિગતેના કેસો હોઈતો રુબરુ આ કચેરીનો સંપર્ક કરી ફોર્મ ભરાવી મોકલવાની સુચના સાથે.

:- ફોર્મમાં જે આધારો માગેલ છે તે રૂપલી કચેરીએ મોકલવાના છે.આ કચેરીએ રાખવાના આધારોની એક એક નકલ વધારે બીડવી.

સં.ના.દવે. ૯/૧/૯૦
જિલ્લા શિક્ષણાધિકારીવતી
રાજકોટ